મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૭૨ ટકા
ગાંધીનગર તાપમાન

રાજમાર્ગો પર આદિવાસી રેલીનું આકર્ષણ

પરંપરાગત વસ્ત્ર પરિધાન અને શસ્ત્ર-વાદ્યો સાથે ઉમટેલા આદિવાસી યુવાનો-મહિલાઓએ આદિવાસી એકતા અંગે સુત્રો પોકાર્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આજે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે આદિવાસી રેલીનું આયોજન કરાયું હતું. બિરસામુંડા ભવનથી વહેલી સવારે નીકળેલી આ રેલીમાં મોટી સંખ્યામાં રાજયભરમાંથી આવેલા આદિવાસી અગ્રણીઓ જોડાયા હતા અને રેલીનું સમાપન સે-૧૨માં ડૉ.આંબેડકર હોલ ખાતે થયું હતું. જયાં આદિવાસી અગ્રણી રાજુભાઈ વલવાઈ સહિત અન્ય અગ્રણીઓએ સંબોધન કર્યું હતું.

ગુજરાત રાજયના આદિવાસી સંઘ દ્વારા આજે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે આયોજિત રેલીમાં આદિવાસી સમુદાયના નાગરિકોએ તેમના પરંપરાગત વસ્ત્ર પરિધાન સાથે આકર્ષણ જમાવ્યું હતું. આ સાથે રેલીમાં આદિવાસી સંસ્કૃતિના વાદ્યો, શસ્ત્રો વગેરે પણ જોવા મળ્યા હતા. વહેલી સવારે બિરસા મુંડા ભવનથી નિકળેલી રેલી પથિકાશ્રમ એસટી ડેપો થી ડૉ. આંબેડકર ભવન પહોંચી હતી. જેમાં આદિવાસી સમાજના યુવાનો-મહિલાઓ વગેરેએ આદિવાસી એકતા અંગે સુત્રો પોકાર્યા હતા. રેલી સમાપન સાથે સંમેલનમાં પરિવર્તિત થઈ હતી. જેમાં પણ અગ્રણીઓએ આદિવાસી એકતા વધુ મજબૂત કરવા હાકલ કરી હતી. રેલીમાં ગાંધીનગરના કોર્પોરેટર પાયલબેન મેણાત, જિલ્લા પંચાયતના સભ્ય અને પૂર્વ ચેરમેન જે.ડી. ચારેલ સહિત આદિવાસી પ્રતિનિધિઓ જોડાયા હતા.

@ગાંધીનગર

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે નિરંજન વર્તિના કલાત્મક હિંડોળામાં ઠાકોરને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૧૪ના રોજી ફિરોજી ઘટાના હિંડોળામાં સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ઠાકોરજીને ઝુલાવવામાં આવશે.

રાજયના પ્રથમ સ્માર્ટ વૉટર એટીએમનો ફિયાસ્કો...!!

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં રાજયનું સૌ પ્રથમ સ્માર્ટ વૉટર એટીએમ સે-૨૧માં સ્થાપિત કરવામાં આવ્યું છે. સ્માર્ટ સીટી પ્રોજેકટ અન્વયે શહેરમાં હજુ બીજા ૧૮ સ્માર્ટ વૉટર એટીએમ સ્થાપિત કરવાની મોટા ઉપાડે જાહેરાત પણ કરાઈ હતી પરંતુ પ્રથમ ગ્રાસે મક્ષિકાની જેમ પહેલું સ્માર્ટ વૉટર એટીએમ પણ ગણતરીના દિવસોમાં ઉપયોગ વિહિન બનતા આ યોજના બાબતે સવાલો ખડા થવા પામ્યા છે.

શહેરમાં વાણિજિયક દૃષ્ટિએ અત્યંત મહત્વના અને ભરચક એવા સેકટર-૨૧માં મનપા દ્વારા ખાનગી કંપનીના સંયુકત ઉપક્રમે રાજયના પ્રથમ સ્માર્ટ વૉટર એટીએમનો તાજેતરમાં પ્રારંભ કરાયો ત્યારે આ એટીએમ મશીન થકી નાગરિકોને ચોખ્ખું મિનરલ પાણી જયારે જોઈએ ત્યારે મળી રહેશે તેવો દાવો કરાયો હતો. જો કે ટૂંકા ગાળામાં જ આ વૉટર એટીએમ મશીન બિનઉપયોગી સાબિત થઈ રહ્યું છે. આ મશીન પર પાણી પીવા માટે ગયેલા કેટલાંક મુલાકાતીઓના મત મુજબ એટીએમ પર ડીસ્પોઝેબલ ગ્લાસની વ્યવસ્થા ના હોવાથી તેઓ પાણી મેળવી શકયા નહોતા. ખાસ કરીને સાંજના સમયે જયારે સે-૨૧ના શાકમાર્કેટમાં મોટી સંખ્યામાં મહિલાઓ તથા અન્ય ગ્રાહકોની મોટી ભીડ જામે છે ત્યારે જ આ મશીન બંધ હોવાનું કેટલીક મહિલાઓએ જણાવ્યું હતું. આ ઉપરાંત સેકટર-૨૧માં સ્માર્ટ વૉટર એટીએમની નજીક જ લાયબ્રેરી પણ આવેલી છે. જયાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો સહિત મોટી સંખ્યામાં વાંચકો વાંચન પ્રવૃત્તિ માટે આવે છે. આ વાંચકો જયારે વાંચન પ્રકીયામાં બ્રેક લઈ ફ્રેશ થવા કે આંટો મારવા બહાર આવે ત્યારે પાણી પીવાની જરૂર પડે છે પરંતુ આ એટીએમ પર કયાં તો ડિસ્પોઝેબલ ગ્લાસ નથી હોતા અને હોય તો મશીનમાંથી મળતું પાણી ઠંડુ નથી હોતું તેથી પાણી પીવાનું ટાળવું પડે છે.

સ્માર્ટવૉટર એટીએમની આસપાસના વેપારીઓના જણાવ્યા મુજબ એટીએમ સેન્ટરને હજુ ઈલેકટ્રિક કનેકશન આપવામાં આવ્યું નથી જેથી પાણી ઠંડુ મળતું નથી. તેથી આ એટીએમ તેમના માટે બિનઉપયોગી સાબિત થયું છે. વળી, અહીં, કંપનીના કર્મચારી બૉટલ વેચવા માટે બેસે છે. જેમની પાસે છુટા નાણાંની અછતથી માંડીને ડિસ્પોઝેબલ ગ્લાસની અછત જેવી સમસ્યાઓ તો હોય છે ઉપરાંત તેઓ સાંજે નોકરી પુરી કરી જતા રહે પછી શાકમાર્કેટમાં ગ્રાહકોની ભીડ વધે છે ત્યારે તેમાંથી અનેક મહિલા ગ્રાહકો તેમના બાળકો સાથે પાણી માટે આવે છે પરંતુ ત્યારે આ મશીન બંધ મળતા નિરાશ થઈ પાછા ફરે છે. એક તરફ જયાં મનપા દ્વારા શહેરમાં વધુ ૧૮ સ્માર્ટ વૉટર એટીએમ લગાડવાની યોજનાની જાહેરાત કરાઈ હતી ત્યારે હજુ પ્રથમ વૉટર એટીએમના ઉપયોગી પણા પર જ સવાલો ખડાં થતા આ પ્રોજેકટ થકી નાગરિકોને આરોગ્યપ્રદ પીવાનું પાણી મળી રહેવાની અને પ્લાસ્ટિકની બૉટલનો વપરાશ ઘટવાની વાતો માત્ર પોકળ દાવા સમાન સાબિત થઈ રહી છે.

જલ્દી નજરે ચઢે તેવી જગ્યાએ ના હોવાથી નાગરિકો સુવિધાથી અજાણ

સ્માર્ટ વૉટર એટીએમ સેકટર-૨૧માં જે જગ્યાએ સ્થાપિત કરાયું છે તે અંગે પણ કેટલાક નાગિરકો સવાલ ખડા કરી રહ્યા છે. આ એટીએમ શાક માર્કેટમાં ગ્રાહકોની અવરજવરથી વિપરિત દિશામાં તેમજ ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટરના પાછળના ભાગે હોવાથી પણ જલ્દી કોઈની નજરે ચઢતું નથી. આ કારણે અનેક નાગરિકોને તો આ પ્રકારની કોઈ વ્યવસ્થા હોવાની જ જાણ નથી તેથી તેનો ઉપયોગ તો દૂરની વાત છે.

નિવૃત્ત ડીવાયએસપી સામે સે-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ

નિવૃત ડીવાયએસપી અને લીઝધારક બંને સામે ફરિયાદ : લીઝનો હિસ્સો પડાવી લીધા બાદ પૈસા માંગ્યા તો ઢોર માર માર્યો

ગાંધીનગર, તા.૯

થાનગઢ માંઆવેલી લીઝમાં ભાગીદારીમાં વિવાદ થયા બાદ ભાગમાં નીકળતા પૈસા લેવા આવેલા વેપારી તથા તેમના પુત્ર સાથે ગાંધીનગરના શખ્સે ગાળાગાળી કરી હુમલો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે. આ અનુસંધાને વેપારી દ્વારા હુમલો કરનાર ગાંધીનગરના શખ્સ તથા વડોદરા ખાતે રહેતા એક નિવૃત ડીવાયએસપી સહિત બે શખ્સો સામે સે.૭ પોલીસ મથકમાં ફરિયાદ આપવામા આવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૪ ખાતે રહેતા અને અમદાવાદમાં રતનપોળ વિસ્તારમાં શ્રીજી જવેલર્સ નામની દુકાન ચલાવતા વેપારી ચેતનભાઈ ભોગીલાલ ઝિંઝુવાડીયા એ સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે. ગાંધીનગરના ખ માર્ગ પર આવેલા સૌંદર્ય ૪૪૪ ફ્લેટમાં રહેતા ગણપતભાઈ અંબાલાલ પટેલ તથા વડોદરા ખાતે રહેતા નિવૃત ડીવાયએસપી કિશોરસિંહ બહાદુરસિંહ જાડેજા સામે સેકટર-૭ પોલીસ મથકમાં ચેતનભાઈની ફરિયાદના આધારે આઈ.પી.સી કલમ ૨૩૨, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો દાખલ થવા પામ્યો છે. ચેતનભાઈની ફરિયાદ મુજબ ૧૯ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ તેમના લેવાના નીકળતા રૂપિયા બે કરોડથી વધુની રકમ મામલે ઉઘરાણી કરી હતી તેમાટે ચેતનભાઈ અને તેમનો પુત્ર કુશન બંને ગણપતભાઈના ઘરે ગયા હતા. ત્યારે ઉશ્કેરાઈ ગયેલા ગણપતભાઈએ કુશાન પર હુમલો કર્યો હતો અને બંને સાથે ગાળાગાળી કરી રૂપિયા આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. ગણપતે ગટરનો પથ્થર ઉપાડીને હુમલો કરવાનો પણ પ્રયત્ન કર્યો હતો પરંતુ આસપાસના રહીશો દોડી આવતા ઉઘરાણી કરવા પહોંચેલા પિતા-પુત્ર બચી ગયા હતા. ગણપતે નિવૃત ડીવાયએસપી કે.બી.જાડેજાના કહેવાથી તેમના પરિવાર સાથે ગાળાગાળી કરી અને હવે લીઝ બાબતે ફરિયાદ કરશો તો હાથ-પગ ભાંગી નાખી ને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હોવાનો ચેતનભાઈની ફરિયાદમાં ઉલ્લેખ છે. જે લીઝ બાબતે તકરાર ચાલી રહી છે તે લીઝમાં ગણપતભાઈ અને ચેતનભાઈના પત્ની ભાગીદાર હતા. સે-૭ પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લેતા જિલ્લા કલેકટર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે આજે મહિલા કલ્યાણ દિવસ અંતર્ગત જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ સેકટર-૧૨ ખાતે ૧૯૮૪થી કાર્યરત નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લીધી હતી.

નારી સંરક્ષણ ગૃહમાં આશ્રય લઈ રહેલી ૩૦ જેટલી બાળાઓને માનસિક સાંત્વન અને આત્મ વિશ્વાસ, સન્માન અને ગૌરવભેર જીવન જીવીને નવી આશાઓ સાથે આત્મનિર્ભર બનાવાની પ્રેરણા આપીને જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, ગૃહકલેશ, લગ્ન જીવન વિખવાદ, માનસિક ત્રાસ, દહેજ જેવા સામાજીક દૂષણોનો ભોગ બનેલી મહિલાઓને આશ્રય અને રક્ષણ તથા પુનઃવસવાટ દ્વારા નવું જીવન બક્ષવામાં નારી સંરક્ષણ ગૃહોની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. સ્ત્રી શકિત અને સર્જક છે. મહિલાઓની મુશ્કેલીઓ અને સમસ્યાઓ મોટાભાગે મહિલાઓ દ્વારા જ ઉદભવે છે. નારી સંરક્ષણ ગૃહનું નામ સ્વધાર ગૃહ છે, તેનો ઉલ્લેખ કરી કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, અઘટિત ઘટનાઓથી આફૂક-વ્યાકૂળ થવાની જરૂર નથી. મહિલાઓ અને બાળકો માટે રાજય સરકારે અગ્રીમતા આપીને મહિલા અને બાળ વિકાસ વિભાગ શરૂ કરી અનેકવિધ મહિલા કલ્યાણની યોજનાઓ અમલમાં મૂકી છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નારી સંરક્ષણ ગૃહોની જરૂરિયાત તેમના પ્રશ્નો અને મુશ્કેલીઓના નિવારણ માટે કટિબધ્ધ છે. આગામી દિવસો આપના માટે નવી આશાઓ અને નવું જીવન પ્રદાન કરે અને આપ સૌ બહેનો આત્મબળથી આગળ વધો તેવી હૈયાધારણા આપી હતી.

આ પ્રસંગે પ્રોટેકશન અધિકારી શ્રીમતી નિલેશ્વરીબા ગોહિલ તથા નારી સંરક્ષણ ગૃહના પ્રમુખ શ્રી શર્મિષ્ઠાબેન દવેએ પ્રાસંગિક પ્રવચનો કર્યો હતા.

જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ નારી સંરક્ષણ ગૃહમાં મહિલાઓ માટેની સુવિધાઓ અને મુલાકાત બદલ આનંદની લાગણી વ્યકત કરી આ સેવાકીય પ્રવૃત્તીઓમાં સામેલ મહિલાઓની સેવાઓને બિરદાવી હતી.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સભ્યો દ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૯

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા સેકટર-૧૨ની સરકારી શાળામાં ધોરણ-૧ થી ૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બે નોટબુક, રબર, બે પેન્સીલનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે ધોરણ-૫, ૬, અને ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોને બે બોલપેન, ત્રણ ફુલ સ્કેપ ચોપડા વિતરણની કામગીરી કરવામાં આવી હતી. આ શૈક્ષણિક કીટ વિતરણ કરતા સે-૧૨ સરકારી શાળાના આચાર્ય બહેને સિસિકાનો આભાર વ્યકત કર્યો હતો.

વૈભવલક્ષ્મી મંદિરે નિઃશુલ્ક અભિષેક-મહાપુજાનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક લેકાવાડાના પુલના છેડે ચિલોડા રોડ ખાતે શ્રી વૈભવલક્ષ્મી માતાજીના મંદિરે શ્રાવણમાસના એકમ સુદ (તા. ૧૨-૮-૨૦૧૮), અગિયારસ સુદ તથા ૬ વદના શુભ દિવસે સવારે ૯ થી ૧૧.૫૫ સુધી 'શ્રી યંત્ર' અભિષેક તથા મહાપુજાનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવેલ છે. દરેક પવિત્ર વ્યકિત સ્વયં 'શ્રીયંત્ર' અભિષેક કરી શકશે તથા માતાજીની વિશેષ પુજામાં ભાગ લઈ શકશે. ગ્રીન કિતાબ આધારિત એસ્ટ્રો ફેસ્ટ યોજાશે જેમાં ઘરમાં-વેપારના સ્થળે પૈસામાં બરકત ન થવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.

ઉછરી રહેલા રોપાઓને નકામી વનસ્પતિ અને ઘાસનો ભરડો

વનવિભાગે ફેન્સીંગ કરી વાવેલા રોપાઓનું નિંદામણના અભાવે બાળમરણ થવાની શકયતા : વરસાદી પાણીની સંજીવની મળી જતાં રોપાઓ ઉછરીને ખીલી ઉઠયા

ગાંધીનગર, તા.૯

હરીયાળા ગાંધીનગરને વૃક્ષો પ્રત્યે હર હંમેશ લગાવ રહ્યો છે. સમગ્ર શહેરમાં અને આજુબાજુ લહેરાતા વૃક્ષો એ ગાંધીનગરની ઓળખ બન્યા છે. જેમાં વનવિભાગે શહેરના અનેક ઠેકાણે ફેન્સીંગ કરી રોપાઓનું ગત વર્ષે વાવેતર કરી વૃક્ષો બને તેવો લક્ષ્યાંક રાખ્યો છે પરંતુ વાવેતર પછી હાલ ચોમાસામાં વરસાદી પાણીથી ઉછરી રહેલાં રોપાઓ આસપાસ નકામી વનસ્પતિ અને ઘાસનો ભરડો થઈ ગયો છે જેથી ઉછરી રહેલા આ રોપાઓને અવરોધ ઉભો છયો છે અને બાળમરણ થાય તેવી શકયતા પર્યાવરણ પ્રેમીઓને લાગી રહી છે. વન તંત્ર દ્વારા સત્વરે આ અંગે માવજત હાથ ધરાય તેવી માંગ ઉભી થઈ છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગની ફુટપાથ નજીકની જગ્યાઓમાં વનવિભાગે ગત વર્ષે મોટો ખર્ચ કરી ફેન્સીંગ સાથે રોપાઓનું વાવેતર કર્યું હતું. દફતરે લક્ષ્યાંક પૂર્ણ કરવા કરાયેલા આ વાવેતર પછી માવજતનો અભાવ દેખાઈ રહ્યો છે છતાં કુદરતી રીતે વિકસીત થઈ રહેલા આ રોપાઓને વસાદી પાણીના રૂપે સંજીવની મળી જતાં હાલ પૂરબહારમાં વિકસીત થઈ ખીલી ઉઠયા છે. પરંતુ આ રોપાઓની આજુબાજુ નકામી વનસ્પતિ અને ઘાસનું સામ્રાજય ઉભું થઈ રોપાઓના વિકાસમાં અવરોધ ઉભો થઈ રહ્યો છે. નકામી વનસ્પતિ અને ઘાસના અતિક્રમણ વચ્ચે આ રોપાઓ ઢંકાઈ ગયા છે અને તેની ઓળખ કરવી પણ મુશ્કેલ બની છે.

સમગ્ર શહેરમાં સર્જાયેલી આ સ્થિતિમાં આવી નકામી વનસ્પતિ અને ઘાસનું નિંદામણ આવશ્યક બન્યું છે. આપોઆપ ઉછરી રહેલા આ રોપાઓ પૂર્ણ વિકસીત થઈ વૃક્ષ બને તે માટે જરુરી પગલાં લેવાય તે વનવિભાગની જવાબદારી બની છે. શહેરમાં વિવિધ તહેવારો અને પ્રસંગોએ વૃક્ષારોપણ કરવામાં આવે છે પરંતુ વાવેતર થયેલા રોપાઓનું જતન થતું નથી જે કારણે આંકડાકીય માહિતી મુજબ વૃક્ષારોપણનો લક્ષ્યાંક પુર્ણ થઈ જાય છે પરંતુ થયેલા વૃક્ષારોપણ પૈકી કેટલા રોપાઓ પરિપકવ વૃક્ષ બન્યા છે તે દફતરે નોંધ લેવાય તેવી માંગ પર્યાવરણ પ્રમીઓએ કરી છે. હરીયાળા ગાંધીનગરમાં વૃક્ષો પ્રત્યેની બેકાળજી ઓળખને ભુસવાં સમાન બની જાય છે. પહેલાં આવા રોપાઓની માવજત થાય તે જરુરી બન્યું છે. વૃક્ષારોપણ દરમિયાન વાવેતર થયેલા અનેક રોપા હાલ જતનના અભાવે નષ્ટ પામ્યા છે ત્યારે સમયાંતરે રોપાઓમાંથી વૃક્ષ તરફના વિકાસમાં આવતા તમામ તબક્કે જરૂરી પગલાં ભરાય તેવી માંગ વૃક્ષ પ્રેમી જનતાએ કરી છે.

ચિરવિદાય

- સ્વ. ભાવનાબેન પ્રભાતજી ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. અમરતભાઈ અંબાલાલ પટેલ, ઉ.વ. ૪૬